



સુવિચાર : મદદ ના જે હાથની મને જરુર છે એ મારા ખભાની છેડે સાબૂત છે એ સમજ આવતાં જ માણસ મજબૂત બની જાય છે - અખંડ આનંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૪૨ ૨૨ એપ્રિલ, ૨૦૧૫, બુધવાર ; વૈશાખ સુદ - ૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦





અખાત્રીજના મુહુર્ત - નવા કૃષિ વર્ષના મંગલ પ્રારંભે ઉત્તર ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ધરતીપુત્રોએ વહેલી સવારે હળ જોડી ખેતરે કૃષિ કામનું મુહુર્ત કર્યું હતું. અખાત્રીજના પાવન પર્વે ખેતરમાં ભાવપૂર્વક બળદોને હળ સાથે જોડી ઓજારોનું અને બાળદોનું પૂજન કરાયું હતું. ખેતરના સીમાડે ક્ષેત્રપાળનો દીવો અને ધૂપ કરી કંસાર અને ખીચડીનો પ્રસાદ વહેંચવાની પરંપરા જાળવી હતી. ઉત્તર ગુજરાતના અરવલ્લી જિલ્લામાં આનંદ-ઉલ્લાસ સાથે ખેડૂતો સમુહમાં ખેતરે જવા નિકળ્યા ત્યારે ઉજવણીનો માહોલ સર્જાયો હતો... કૃષિપ્રધાન આપણા દેશમાં ખેડૂતોનો આવો ઉલ્લાસ સમગ્ર દેશ માટે ગૌરવ અને આનંદની અનુભૂતિ ગણાય છે... અખાત્રીજના પાવન પર્વે ધરતીપુત્રોએ ધરતી માતાનું પૂજન કરી પ્રાર્થના કરી હતી કે, વર્ષ સારું નિવડે, પાક સારો ઉતરે અને વિઘ્નો ન આવે એવી કૃપા સમગ્ર વર્ષ દરમિયાન અમારા પર સદૈવ રાખજો.... (તસવીર : જય અમીન, મોડાસા)

# જિલ્લાની બે પંચાયતો રાષ્ટ્રીય સ્તરે સન્માનિત થશે

## હાથીજણ અને જાસપુર પંચાયત શ્રેષ્ઠ પંચાયત બની : જિલ્લામાંથી પાંચ સભ્યોનું અને રાજ્યમાંથી ૫૦ પદાધિકારીઓ દિલ્હીમાં ૨૪ એપ્રિલના કાર્યક્રમમાં હાજરી આપી પંચાયતી રાજની ઉજવણી કરશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાની જાસપુર અને હાથીજણ ગ્રામ પંચાયત રાષ્ટ્રીયકક્ષાએ ઝળકી છે અને આગામી ૨૪મી એપ્રિલના રોજ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે તેના સરપંચોને પુરસ્કૃત કરવામાં આવશે.

૨૪મી એપ્રિલ-૨૦૧૫ના રોજ દિલ્હીના વિજ્ઞાનભવનમાં પંચાયતી રાજ વ્યવસ્થાની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ખાસ ઉપસ્થિત રહેવાના છે.

પંચાયત એમ્પાવરમેન્ટ, એકાઉન્ટીબીલીટી ઈન્સેન્ટીવ સ્કીમ દ્વારા શ્રેષ્ઠ ગ્રામસભા અને શ્રેષ્ઠ પંચાયતને પુરસ્કારો આપવામાં આવનાર છે.

જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ પંચાયત તરીકે જાસપુર ગ્રામ પંચાયત તેમજ શ્રેષ્ઠ ગ્રામસભા માટે હાથીજણની પસંદગી થઈ હતી. આ દરખાસ્ત જિલ્લામાંથી રાજયકક્ષાએ ગઈ હતી અને રાજયકક્ષાએ પણ શ્રેષ્ઠ બનેલી આ પંચાયતોને પુરસ્કૃત કરવા માટે ભારત સરકારને દરખાસ્ત કરવામાં આવી હતી.

ભારત સરકારના પંચાયતી રાજ વ્યવસ્થા વિભાગના અધિકારીઓની ટીમ જિલ્લામાં આવી હતી અને તેણે દરખાસ્તની ચકાસણી કરી વાસ્તવિકતાનું મુલ્યાંકન કર્યુ હતુ. હવે પંચાયતી રાજ વ્યવસ્થા લાગુ કરાયાની ઉજવણી માટે દિલ્હીમાં યોજાયેલ કાર્યક્રમમાં આ બન્ને પંચાયતોને પુરસ્કૃત કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ કાર્યક્રમમાં હાજરી આપવા માટે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ, કલોલ અને માણસા તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ તેમજ હાથીજણ અને જાસપુરના સરપંચ એમ પાંચ સભ્યોનું પ્રતિનિધિમંડળ દિલ્હી જશે.

એક આખા દિવસના પંચાયતી રાજ વ્યવસ્થાના સેમિનારમાં આ પ્રતિનિધિ મંડળ હાજરી આપશે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં સ્થાનિક સ્વરાજની પેટા ચૂંટણીમાં ભાજપનો જયજયકાર

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતમાં મહાપાલિકાની બે અને નગરપાલિકાની ખાલી પડેલી કુલ ૩૬ બેઠકોની યોજાયેલી પેટા ચૂંટણીના જાહેર થયેલા પરિણામોમાં ભાજપે ૩૪ બેઠકો પર વિજય મેળવતાં પેટા ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો છે જયારે કોંગ્રેસના સૂપડા સાફ થયા છે.

પેટા ચૂંટણીના પરિણામોની વિગતો આપતાં ભાજપના પ્રદેશ પ્રવકતા આઈ.કે. જાડેજાએ જણાવ્યું હતું કે રાજકોટ મહાનગરપાલિકાની બે બેઠકોની પેટા ચૂંટણી હતી અને બંને બેઠકો ભાજપે વિજય મેળવીને જાળવી રાખી છે. જયારે નવ જિલ્લાની ૧૧ નગરપાલિકાઓની ૩૭ બેઠકોપૈકી ૩૬ બેઠકોમાંથી ૩૨ બેઠકો પર ભાજપનો ભવ્ય વિજય થયો છે. આ બેઠકમાં ભાજપ સમર્થિત વેરાવળ, પાટણ એક બેઠકનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યું હતું કે આ ચૂંટણીઓપૂર્વે નગરપાલિકામાં ભાજપની ૬ બેઠકો હતી. તેમાં વધારો થઈને ૩૨ બેઠકો થઈ છે જયારે કોંગ્રેસ પાસે ૨૭ બેઠકો હતી તેમાં ઘટાડો થતાં હવે કોંગ્રેસ ૪ બેઠકમાં સમેટાઈ ગઈ છે.

આજના પરિણામોમાં કચ્છ જિલ્લાની ભચાઉ નગરપાલિકામાં કુલ ૧૭ બેઠકોની યોજાયેલી ચૂંટણીમાં તમામ બેઠકો પર ભાજપના ઉમેદવારોનો વિજય થયો છે. વડોદરા જિલ્લાની કરજણ નગરપાલિકામાં વોર્ડ નં. ૧ અને ૬માં કોંગ્રેસના ઉમેદવારોએ તેમજ આણંદ નગરપાલિકામાં વોર્ડ નં. ૭માં અપક્ષ ઉમેદવારોની ડીપોઝીટ ગઈ છે. વડોદરા જિલ્લાની કરજણ નગરપાલિકામાં ચૂંટણી પૂર્વે કોંગ્રેસનું શાસન હતું પરંતુ પરિણામ બાદ ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવતાં ત્યાં કોંગ્રેસે સત્તા ગુમાવી છે.

## પરિણામોને મુખ્યમંત્રી ફૂલડે વધાવે છે

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના ગતિશીલ સુશાસન અને જનહિત કાર્યોને જનતા જર્નાદને વ્યાપક સ્વીકૃતિ આપતાં મહાનગરપાલિકા-નગરપાલિકાઓની તાજેતરમાં યોજાયેલી પેટા ચૂંટણીઓમાં ભાજપા પર અપાર વિશ્વાસ વ્યકત કરીને ૩૮માંથી ૩૩ બેઠકો પર જવલંત વિજય અપાવ્યો છે.

આ ૩૮ બેઠકો પૈકી ૧૦ બેઠકો ઉપર તો ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો નિર્વિરોધ-બિનહરીફ ચૂંટાયા છે તે જ પૂરવાર કરે છે કે ગુજરાતની વિકાસયાત્રાની ગતિશીલતા-પારદર્શીતા એ જન-જનમાં અચ્છે દિન આ ગયેનો વિશ્વાસ જગાવ્યો છે.

# આજથી જિલ્લામાં કૃષિ મહોત્સવ

ગાંધીનગર, તા. ૨૧

સમગ્ર રાજયમાં વર્ષ ૨૦૦૫થી કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. ખેડૂતોને ઉનાળું અને ખરીફ પાકો વિશે આધુનિક કૃષિ પધ્ધતિ અંગે માર્ગદર્શન મળી રહે તે હેતુસર ગાંધીનગર જિલ્લામાં તા. ૨૨મી એપ્રિલ, ૨૦૧૫ના રોજથી અગિયારમાં કૃષિ મહોત્સવ ૨૦૧૫નો આરંભ થાય છે.

ગુજરાત રાજયની વિકાસયાત્રામાં ત્રિસ્તરીય પંચાયતી રાજના માળખાનું આગવું યોગદાન રહ્યું છે. અગિયારમો કૃષિ મહોત્સવ ૨૦૧૫ પંચાયતના પદાધિકારીઓ સક્રિય ભાગીદાર થઈ શકે તેવા ઉમદા હેતુથી જિલ્લા પંચાયતની સીટ અનુસાર યોજાનાર છે. અગિયારમો કૃષિ મહોત્સવ બે દિવસીય છે. જેમાં સેમિનાર અને એક્ઝીબીશન કમ સેલ્સના કૃષિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. પ્રથમ દિવસે સવારના ૮.૩૦ કલાક થી બપોરના ૧.૩૦ કલાક દરમ્યાન સેમિનાર અને કૃષિ સંલગ્ન માહિતી આપતું પ્રદર્શન પણ ખુલ્લું મુકાશે. પ્રદર્શન બીજા દિવસ સુધી ખુલ્લું રહેશે.

૨૨મી એ[-]િલના રોજ ગાંધીનગર તાલુકાના ઉનાવા ગામ ખાતે કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ દહેગામ તાલુકામાં ધમીજ ગામ ખાતે કૃષિ મહોત્સવ યોજાનાર છે. ઉનાવા ગામ ખાતે યોજાનાર કૃષિ મહોત્સવ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલના હસ્તે ખુલ્લો મુકાશે. આમંત્રિત મહેમાન પદે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય અશોકભાઇ પટેલ, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર અને તાલુકા પંચાયતના પ્રમુખ કાળાજી ઠાકોર ઉપસ્થિત રહેશે.

## મનપાના ૧૨ સફાઈ કર્મચારીઓને કારકુન-મુકાદમ્ તરીકે બઢતી અપાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકાના ૧૨ સફાઈ કામદારોને જુનિયર ક્લાર્ક તથા મુકાદમ્ તરીકેના પ્રમોશન આપવામાં આવ્યા છે.

સફાઈ કામદારોને બઢતી આપતા હૂકમો આજે જારી કરી દેવામાં આવ્યા છે. શહેરમાં મુકાદમોની જગ્યાઓ ખાલી પડી હતી તેમજ જુનિયર ક્લાર્કની જગ્યાઓ પણ જે ખાલી રહી હતી તેમાં બઢતીથી નિમણુંક આપવાનો નિર્ણય લેવાયો હતો. આ પછી ખાતાકીય પસંદગી સમિતિએ ૧૨ જેટલા કર્મચારીઓની યાદી આખરી કરી હતી.

મળતી વિગતો પ્રમાણે નવ જુનિયર ક્લાર્ક તરીકે અને ૩ મુકાદમ્ની જગ્યાઓ પર આ બઢતી આપવામાં આવી છે. બઢતી પામેલા આ કર્મચારીઓ આગામી એકાદ બે દિવસમાં તેમની નવી જગ્યાનો ચાર્જ સંભાળી લેશે.

૨૦૧૫માં વય મર્યાદાને લઈ નિવૃત્ત થનાર કર્મચારીઓની સંખ્યા મોટી છે. ૨૦૧૬માં આ સંખ્યા પણ મોટી છે. આથી રાજ્ય સરકારે બઢતીથી આવી જગ્યાઓ તાત્કાલિક ભરવા માટેની સૂચનાઓ આપી છે. જેથી કામગીરી પર કોઈ વિપરીત અસરો થાય નહિ.


જોઈએ છે
જુના કલર ટી.વી.
૧૪'', ૨૦'' અને ૨૧''
બાંધ હાલતામાં
સંપર્ક : શૈલેષભાઈ - મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬


